'

કેસ પ્રાપ્તિ તારીખ     ૨૪.૦૮.૨૦૧૭
નોધ્યા   તારીખ     ૨૪.૦૮.૨૦૧૭
ફેસલ તારીખ     ૨૭.૦૯.૨૦૧૮
સમય ગાળો   વર્ષે   માસ,   દિવસ

આણંદનાં મે. ચોથા  એડીશ્નલ ચીફ  જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. આણંદ

-----------------------------------------
------------------------------ ---------

**ક્રીમીનલ કેસ નં.૩૭૯૯/૨૦૧૭**
**આંકઃ –**

ફરીયાદીઃ –     ચિરાગભાઇ  શાંતિલાલ પ્રજાપતિ,
ઉ.વ.આ. ૩૯, ધંધો ડોકટર,
રહે. ૫–તોરણ બંગ્લો, નંદભુમિ પાછળ, મુ.તા.જી.આણંદ.

વિરુદધ

તહોમતદાર     મહેશભાઇ  રાજાભાઇ રબારી,
ઉ.વ.આ.૪૨, ધંધો–વેપાર,
રહે. વડતાલ,રબારીવાસ,સ્વામિનારાયણ મંદિર પાસે
તા.નડિયાદ,જી.ખેડા.

-----------------------------------------
--------------------------

પક્ષકારો તરફે હાજર,
**ફરીયાદી તરફે** –વિ. વ. શ્રી વી..એમ. ઠકકર
**આરોપી તરફે –** વી.વ. શ્રી એમ.એ.રાંચડિયા

---

<u>ગુનો: ધી.નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ તથા અન્ય જોગવાઇઓ મુજબની ફરિયાદ લગત હુકમ –</u>

***// ઠ રા વ //***

(૧) **ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે,** ફરિયાદી ફરિયાદમાં દર્શોવેલ સરનામા ઉપર રહે છે અને આ કામના આરોપી ફરીયાદીના મિત્ર થતા હોય તેઓને સારી રીતે ઓળખે છે. વધુમાં જણાવે છે કે, આ કામના આરોપીને નાણાંની જરૂરીયાત ઉપસ્થિત થતાં ફરીયાદી પાસે હાથ ઉછીના નાણાંની માંગણી કરતાં ફરીયાદીના આરોપી મિત્ર થતા હોય તે નાતે આરોપીને ફરીયાદીએ રૂા. ૧,૨૫,૦૦૦/–( અંકે રૂા.એક લાખ પચ્ચીસ હજાર ) પુરાં રોકડા હાથ ઉછીના આપેલ.બાદ સદર કામના ફરીયાદીને નાણાંની જરૂરિયાત ઉપસ્થિત થતાં આરોપીને આપેલ નાણાંની માંગણી કરતાં આરોપીએ ફરીયાદીને રૂા.૧,૨૫,૦૦૦/–(અંકે રૂા.એક લાખ પચ્ચીસ હજાર ) પુરાંનો ચેક નં. ૧૧૦૩૪૬,વિજયા બેંક,આણંદ શાખાનો તા.૧૧–૦૫–૨૦૧૭ના રોજનો આરોપીએ પોતાની સહી કરી ફરીયાદીને આપતી વખતે પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેક તમો બેંકમાં કલીયરીંગ અને એન્કેશમેન્ટ માટે રજુ કરશો તો તમોને ચેકવાળા નાણાં ચોકકસ મળી

જશે તેવુ જણાવેલ. ફરીયાદી સદર ચેકના ધારણકર્તા બનેલા. બાદ, સદર ચેક ફરીયાદીએ આરોપીના જણાવ્યા મુજબ એચ.ડી. એફ.સી.બેન્ક,લિ. સંકેત-૨,લાંભવેલ રોડ,ગ્રીડ પાસે,આણંદ શાખામાં તે રજુ કરતાં સદરહુ ચેક તા.૩૦-૦૬-૨૦૧૭ના રોજ ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સહિત પરત ફરેલ. અને ફરીયાદીને સદર હકીકતની રિટર્ન મેમાથી જાણ થયેલી. આમ, આરોપી એ આપેલ ચેક વગર સ્વિકારાયે પરત ફરતાં ફરીયાદીને તેના નાણાં મળેલા નહી.બાદ, ફરીયાદીએ આરોપીને - તા. ૨૧.૭.૧૭ નારોજ રજી. પોસ્ટ એડી થી નં.આર.જી.૮૦૯૪૦૬૨૬૫IN,થી મોકલી આપેલ જે તા.૨૨-૦૭-૧૭ ના રોજ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઇ જવાબ આપેલ નહી કે ફરીયાદીના કાયદેસરના લેણા નીકળતા પૈસા ચુકવી નહી આપીને તેમ કરીને તહોમતદારે ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગંભીર પ્રકારનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય કાયદેસરની ફરિયાદ ફરિયાદીએ આરોપી વિરુધ અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

(૨) **ફરિયાદીની** ઉપરોકત ફરિયાદ, વેરીફીકેશન રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે હાલની ફરીયાદ અંગે કોગ્નીઝન્સ લઇ, મારા પુરોવામી વિ. ન્યાયાધીશ સાહેબશ્રીએ આરોપી સામે ફોજદારી

કાર્યેરીતી અધિનિયમની કલમ–૨૦૪ અન્વયે–ધી.નેગોશીએબલ ઈન્સ્ટ્રયુમેન્ટ એકટની કલમ–૧૩૮, મુજબના ગુના માટે પ્રોસેસનો હુકમ કરેલ હોય આરોપીને સમંન્સની બજવણી થતાં કોર્ટે સમક્ષ હાજર થતાં ફોજદારી કાર્યેરીતી અધિનિયમ ની કલમ ૨૦૭ મુજબ આરોપીને– ફરી.પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મુલ્યે પુરાં પાડવામાં આવેલ છે. બાદ,ફોજદારી કાર્યેવાહી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ આરોપીનુ નિવેદન **આંક–૦૭** થી લેવામાં આવેલ છે. આરોપીએ તેઓ સામેનો ગુનો કબુલ કરવાનો ઈન્કાર કરેલ છે. પરંતુ બચાવ લેવા માંગતા હોવાની કોઇ હકીકત પોતાના નિવદેનમાં જણાવેલી નથી. જેથી હાલની ફરિયાદ અન્વયે ન્યાયીક કાર્યેવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) **આ કામે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.**

**મૌખિક પુરાવોઃ–**

| ક્રમ | સાહેદનું નામ | આંક. |
|---|---|---|
| ૧. | ફરિયાદી- ચિરાગભાઇ શાંતિલાલ પ્રજાપતિનુ પુરાવા એફીડેવીટ રજુ થયેલ છે. | ૧૨ |

**<u>દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક. |
|---|---|---|
| ૧. | આરોપી દ્વારા ફરીયાદીને આપેલ વિજયા બેન્ક આણંદશાખાનો ચેક નંબર.–૧૧૦૩૪૬ વાળો અસલ ચેક તા. ૧૧.૫.૨૦૧૭ના રોજનો | ૧૪ |
| ૨ | એચડીએફસી બેંક આણંદની ચેક ભરેલ તે અંગેની પે ઇન સ્લીપ, તા.૨૮.૦૬.૧૭ની | ૧૫ |
| ૩. | એચડીએફસી બેંક આણંદ સંકેત ૨ લાંભવેલ રોડ ગ્રીડ પાસે આણંદ શાખાનો ચેક રીટૅન મેમો તા. ૩૦.૬.૨૦૧૭નો | ૧૬ |
| ૪ | ફરીયાદીએ તેમના વિ.વ.શ્રી મારફતે આરોપીને આપેલ ચેક રીટૅન બાબતેની નોટીસ–અસલ તા.૨૧.૭.૨૦૧૭ની | ૧૭ |
| ૫ | ફરી.ના વિ.વ.શ્રીએ આરોપીને ચેક રીટૅન અંગેની નોટીસ આર.પી.એડી.કરેલ તેના નાણાં ભરેલ તેની અસલ પાવતી,તા. ૨૧.૭.૨૦૧૭ની | ૧૮ |
| ૬ | ઇન્ડીયા પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ અસલ, તા.૨૨.૭.૨૦૧૭ ના રોજનો | ૧૯ |

(૪) આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય ત્યારે ફરિયાદપક્ષના પુરાવોથી માહીતગાર હતો તેમ છતા આરોપી તરફે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ અન્વેયે કેસ કાર્યવાહીમાં પોતાનો બચાવ રજુ કરવા માટે હાજર રહેલ અરજી આપેલ નહી અને આરોપી હાજર રહેલ નથી. તેમજ આ કામે ફરીયાદીની સોગંદ પરની સરતપાસ તથા રજુ તમામ દસ્તાવેજી પુરાવાઓ આ કામના આરોપીને આપેલા હોવા છતાં તેઓએ આ પુરાવાઓનો ઈન્કાર કરવા માટે હાજર રહેલા નથી. તેમજ આ કામે આરોપીને ફરીયાદી દવારા તેઓના વિરુધ્ધમાં જે કોઈ પુરાવો રજુ કરેલ છે તેની તમામની નકલ આપેલ છે અને તે સિવાય વિશેષ કોઈ પુરાવો રજુ થયેલ નથી આમ, આરોપી પોતાની સામેના તમામ પુરાવાઓ જાણતો હોવા છતાં તેનો ઈન્કાર કરવા આરોપી તરફે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ અન્વયે કેસ કાર્યવાહીમાં પોતાનો બચાવ રજુ કરવા માટે ઈરાદા પૂર્વક હાજર રહેલ અરજી આપેલ નહી અને આરોપી હાજર રહેલ નથી.વધુમાં આ બાબતે નામદાર દિલ્લી હાઈકોર્ટએ Ambica Plastopack Pvt Ltd & Anr vs State & Anr sCRL.M.C. No. 2698 of 2011, Crl. M.A. Nos. 9619 of 2011 & 1468 of 2013)(2013 0 Supreme(Del) 1447) અને નામદાર કેરળ હાઈકોર્ટ એ પી.વી.જોસેફ વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરળ (ક્રિમીનલ અપીલ નં.૪૮૫/૨૦૦૭) ના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ કેસમાં મેજીસ્ટ્રેટ કોર્ટએ જે પ્રક્રિયા અનુસરવાની છે તે લગત દિશા નિર્દેશ સદરહું કેસમાં અનુસરેલ છે.

(૫) ત્યાર બાદ સદર કામ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ અને આરોપીને પુરતી તક આપવામા્ આવેલ હતી. પરંતુ તે દિવસે પણ આરોપી કે તેમના વકીલશ્રી હાજર ન રહેતાં અને આરોપીને વિશેષ નિવેદન આપવામાં કોઈ રસ જણાય આવતો ન હોય સબબ વિશેષ નિવેદન (એફ.એસ) <u>આંક–૦૭</u>

ના સાંધણ લગત સબબ કામે રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે  અને આરોપીએ વિશેષ નિવેદન(એફ.એસ)માં પોતાના વિરૂધ્ધ પુરવા બાબતે કહેવાની તક આપવા છતા હાજર રહેલ નહી. તેને  જેથી આરોપી ધ્વારા કોઈ વિશેષ નિવેદન આપવામાં આવેલ નથી.ત્યારે હાલના આરોપીને તેઓની સામેના આક્ષેપમાંથી પ્રથમ થી જ કોઈ બચાવ રજુ કરેલા ના હોય અને આરોપી વિશેષ નિવેદન (એફ.એસ) આપવા માંગતો ન હોવાનુ રેકર્ડ પરથી સાબિત થાય છે.હાલ કેસમાં આરોપીને તેઓની સામેના આક્ષેપમાંથી પ્રથમ થી જ કોઈ બચાવ રજુ કરેલા ના હોય. જેથી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૧૩(૧)(બી) નો પરંતુધ્યાને લેતા તેઓનુ વધારાનુ નિવેદન પડતુ મુકવામાં આવેલ છે

(૬) ત્યાર બાદ સબબ કામ દલીલો સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ હતું. ફરિયાદીના વકીલશ્રીએ તેમની ફરિયાદ મુજબની રજુઆત કરેલ છે, અને વિશેષમાં જણાવેલ છે કે, આરોપી ધ્વારા ફરિયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાને પડકારવામાં આવેલ નથી, જેથી ફરિયાદ પક્ષે પોતાની ફરિયાદમાં જણાવેલ તમામ હકીકતો સાચી હોય તેમજ ફરિયાદીની આરોપી ધ્વારા ઉલટ તપાસ પણ લેવામાં ઈરાદા પૂર્વક આવેલ નથી.જે ધ્યાને લેતાં પણ ફરિયાદ પક્ષની તમામ હકીકત સાચી હોય સદર ફરિયાદમાં માગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે. આરોપી પક્ષે કોઈ દલીલ રજુ કરવામાં આવેલ નથી.

(૭) આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે મારા નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ સાબિત કરે છે કે, આરોપીએ ફરિયાદી ને કાયદેસરના લેણાં પેટેનો ચેક આપેલ અને તે ચેક **''પુરતુ ભંડોળ ન હોવાથી''** ના શેરા સાથે પરત થયેલ, જેની લેખિત નોટીસ આરોપીને મળેલ હોવા છતાં આરોપીએ ચેકના નાણાંની ચૂકવણી સમય મર્યાદામાં ન કરીનેધી

નેગોશીએબલઈન્સ્ટ્રુમેન્ટએકટની૧૮૮૧ની કલમ૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) <u>ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે</u>.

૧. *''હકારમાં''.*

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

// <u>કા ર ણો</u> //

<u>મુદા નં.૧</u> :–

(૯) આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ના આવશ્યક તત્વો સાબીત કરવાના રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ :–૧૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદી પર રહેલી છે.

૧. આરોપીએ પોતાના ધ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણા ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરીયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશતઃ કાયદેસર નુ દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળને કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતિ મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમય મર્યાદામાં નાણાંનીમાગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી) ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા ૧૫ દિવસના સમય મર્યાદામાં ચુકવી આપેલા નથી.

(૧૦) આ કામે હાલના ફરીયાદી ધ્વારા આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ –૧૩૮ મુજબનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે સદર ગુનાના તત્વોની ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા સાથે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ :– ૧૧૮ (એ)ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લેવામાં આવશે. તે જ રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટઃ–૧૩૯ની જોગવાઈ વંચાણે લેવામાં આવતો વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે ચેકના ધારણકર્તા એ તે ચેક ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશતઃ અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંન્ને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે પરંતુ બંને જોગવાઈમાં " ***વિરુધ્ધનુ સાબિત ના થાય તો*** " તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. એટલે કે આ બંન્ને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. વિરુધ્ધનું પુરવાર ના થાય તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે. અને આવુ અનુમાન ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

(૧૧) આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ–૧૩૮ અનુસારના ગુનો બનાવ માટેના આવશ્યક તત્વો જોઈએ તો ચેક કાયદેસરની જવાબદારીના

પુર્ણ અથવા અંશતઃ ચુકવણા માટેનો હોવો જોઈએ. ત્યારે આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારૂ ફરિયાદી ધ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૧) અન્વયે પોતાની તમામ હકીકતોને સમર્થનકારક પુરાવો આ કામે તેઓ ધ્વારા સોગંદનામાથી રજુ કરવામાં આવેલ છે,જે સોગંદનામામાં તેઓએ આ કામે આરોપી સાથે થયેલ વ્યવહારની વિગતો તેમજ આ કામે આરોપી ધ્વારા

તેઓને ચેક આપવામાં આવેલ હોવાની હકીકતને સમર્થનકારક મૌખિક પુરાવો રજુ કરેલ છે, તેમજ આ કામે તેઓ ધ્વારા આરોપીનો ચેક કલીયરીંગ માટે બેંકમાં રજુ કરવામાં આવતા આ ચેક અસ્વીકાર થઈ પરત ફરેલો હોવાનો અને આ ચેક પરત ફર્યા બદલ આ કામના આરોપીને નોટીસ આપેલી અને તે નોટીસ પણ

આરોપીને બજી ગયેલ હોવાની હકીકતને સમર્થનકર્તા મૌખિક પુરાવો રજુ કરેલ છે. તેમજ આ કામે પોતાના મૌખિક પુરાવાના સમર્થનકારક દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરવામાં આવેલ છે, જેમાં આ કામે ફરિયાદી ધ્વારા અસલ ચેક, રીર્ટનમેમો, આરોપીને આપવામાં આવેલ નોટીસ, તથા આ નોટીસ આરોપીને બજી ગયેલ હોવા બાબતે આર.પી.એ.ડી. ની એકનોલેજમેન્ટ સ્લીપ રજુ કરવામાં આવેલ છે. આમ, આ કામે જયારે ફરિયાદી ધ્વારા પોતાના આંક. ૧ ના સમર્થનમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૧) મુજબ પોતાનો પુરાવો રજુ કરી પોતાની સમગ્ર ફરિયાદ હકીકત પુરવાર કરેલ છે. આમ, આ કામે હાલના ફરિયાદી ધ્વારા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબના ગુનાના ઉપરોકત ચર્ચા કરવામાં આવેલ તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા સારૂ પોતાનો તમામ પુરાવો રજુ કરી દીધેલ છે. તેમજ તેઓ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા મુજબ આ કામના આરોપીને કાયદેસરના દેવાની ભરપાઈ કરવા

માટે આપેલ ચેક પરત ફર્યા બદલની નોટીસ બજી ગયેલ હોવા છતાં તેઓ ધ્વારા ચેક રકમ આ કામના ફરિયાદીને આપેલ ન હોવાનું પુરવાર થાય છે. આમ, આ કામે હાલના ફરિયાદી ધ્વારા પોતાના પુરાવાથી હાલનો ગુનો બનતો હોવાની હકીકત પુરવાર કરેલ છે. આમ, જયારે ફરિયાદી પોતાના પુરાવાથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનવા માટે તમામ આવશ્યકતાઓ પુરી કરતો પુરાવો રજુ કરવામાં આવેલ હોય ત્યારે આ કામે હાલના આરોપીએ તે મુજબનો ગુનો કરેલ હોવાનું માની શકાય તેમ છે. જે અનુસંધાને ના. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા Special Criminal Application No. 4194 / 2014, Mukeshbhai Ishwarbhai Prajapati Vs. State of Gujarat ના ચુકાદામાં પેરા–૯ માં કરવામાં આવેલ ચર્ચા ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.

> "Yet again in a recent pronouncement of the Supreme Court of India of Indian Banks Association and Others and Union of India and others (2014) 5 SCC 590, the Supreme Court reiterated the position of law explaining that under section 145 of the Act, the complainant can give his evidence by way of an affidavit and such affidavit shall be read in evidence in any inquiry trial and other proceeding in the Court, which makes it clear that complainant is not required to examine himself twice i.e. one after filing the complaint and one after summoning

of the accused. The court further explained that the affidavit and the documents filed by the complainant along with the complaint for summoning stage and the post summoning stage. **In other words, there is no necessity to recall and re-examine the complainant after summoning the accused, unless the Magistrate passes a specific order as to why the complainant is to be recalled. Such an order is to be passed on an application made by the accused or under section 145(2) of the Act suo motu by the court."**

(૧૨) **જે અનુસંધાને હાલના કેસના સંજોગોને ધ્યાનમાં લેવામાં આવે તો, આ કામે હાલના આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેલા અને તે દિવસે તેઓને હાલના આક્ષેપિત ગુનાની વિગતો તેઓને જણાવવામાં આવેલ છે. ત્યારે આ કામે હાલના આરોપી ધ્વારા ગુનો કબુલ રાખેલ નથી અને આ કામે તેઓ પોતાનો બચાવ કરવા માગતા હોવાનું જાહેર કરેલ નથી. તેમજ ફરિયાદી ધ્વારા પોતાની સોગંદ પરની સરતપાસનો પુરાવો રજુ કરેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ પણ પોતાની સરતપાસના સોગંદનામાને સમર્થનરૂપ રજુ કરવામાં આવેલ છે. ત્યારે તેઓએ ફરીવાર આ કામે સાક્ષી તરીકે સાક્ષી બોક્ષમાં આવવાની કોઈ આવશ્યકતા રહેતી નથી, સિવાય કે આ કામે આરોપી ધ્વારા અરજી આપવામાં આવે. જે આ કામે આરોપી ધ્વારા પોતે ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા હોવા બાબતે કોઈ અરજી આપવામાં આવેલ નથી.વધુમાં નામદાર વડી**

**અદાલતનો ચુકાદો કે.એન.બીના વિ.મુનીયપ્પન અને બીજાઓ પ્રસિધ્ધ AIR 2001 SC 2895 માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.**

Negotiable Instrument Act S.138, 139, 118 – Cheque dishonour complaint – Burden of proving that cheque had not been issued for any debt or liability – Is on the accused – Denial/Averments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant – accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability.

**આમ ઉપરોકત ચુકાદો વંચાણે લેતા પણ આરોપીની જવાબદારી છે કે તેણ પુરાવા રજુ કરીને એ હકિકત સાબીત કરવી પડે કે તેણે ફરીયાદી પાસેથી કોઈ રૂપીયા લીધેલા નથી અને તેના દેવા પેટે ચેક આપેલ નથી. સદર કામે આરોપીએ પુરાવા રજુ કરેલ ન હોઈ આરોપી એ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે તેણે ફરીયાદી પાસેથી કોઈ રૂપીયા લીધેલ નથી કે દેવુ નથી. આમ ઉપરોકત ચુકાદો ફરીયાદ પક્ષને મદદ રૂપ થાય તેમ છે તેવુ આ અદાલતનું અતિ નમ્રપણે માનવું છે.**

**(૧૩) હાલના કેસના રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો આ કામે આરોપીનુ નિવેદન ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ અન્વયે નોંધવામાં આવેલ**

**છે ત્યારે હાલની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.**
When in a summons-case the accused appears or is brought before magistrate, the particulars of the offence of which he is accused shall be stated to him, and he shall be ask **whether he pleads guilty or has any defence to make**, but it shall not be necessary to frame a formal charge.

**(૧૪)** **આ કામે ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાનમાં લેવામાં આવે તો જયારે સંમન્સ ટ્રાયેબલ કેસમાં આરોપી મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થાય કે તેઓને હાજર કરવામાં આવે ત્યારે આરોપીને તેઓની સામેના આક્ષેપની વિગતોની જાણ કરવાની અને તેમાં તેઓને આ ગુનો કબુલ રાખવામાગે છે અથવા તો તેઓ આ ગુનામાં પોતાનો કોઈ બચાવ કરવા માંગે છે કે કેમ ? તે મુજબની જોગવાઈ છે. આમ ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાનમાં લેવામાં આવે તો તે મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલી છે. પ્રથમ ભાગ આ કામના આરોપીને તેઓની સામે આક્ષેપિત ગુનાની વિગતોની તેઓને જાણ કરી તેઓ ગુનો કબુલ કરવા માંગે છે કે કેમ ? તે બાબત આરોપીને પુછવાની રહે છે. જયારે બીજા ભાગને ધ્યાને લેવામાં આવે તો તે આક્ષેપિત ગુનામાં પોતાનો બચાવ રજુ કરવા માંગે છે કે કેમ ? ત્યારે આ કામે ફરિયાદી ધ્વારા જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કાયદેસરના દેવાની ભરપાઈ કરવા સારૂ અથવા તો કોઈ જવાબદારી અદા કરવા સારૂ આપવામાં આવેલ ન હતો તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા Hiten P. Dalal V/s. Bratindranath Banerjee (2001) 6 SCC 16 ના ચુકાદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેતાં :**

In other words, proved the facts required to form the basis of a presumption of law exists,

no discretion is left with the court but to drawn the statutory conclusion, but his does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proven when, " after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists". Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the court must either believe the defence to exist or consider its existence to be reasonability being that of the 'prudent man"

**આમ, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ મુજબ આ કામે આરોપી ધ્વારા પોતાનો બચાવ કરવા માગતા હોવાનું જાહેર કરવામાં આવેલ હોવા બાદ, આ કામે ફરિયાદી ધ્વારા જે ચેકનો આધાર લઈ હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે તે ચેક તેઓ ધ્વારા કોઈ કાયદેસરના દેવા પેટે આપવામાં આવેલ ન હતો કે ફરિયાદી પાસે કોઈ દેવું ન હતું, તે તમામ હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહે છે. તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા પોતાના AIR 2014 SC 2528, Indian Bank Association and Others Vs. Union of India and others ના ચુકાદામાં આપેલ**

ગાઈડલાઈન મુજબ જયારે આરોપી ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ મુજબના નિવેદનમાં પોતાની સામેના આક્ષેપનો ઈન્કાર કરે, ત્યારે તેઓએ પોતાનો બચાવ જાહેર કરવાનો રહે છે. પરંતું આ કામે તેઓ ધ્વારા પોતાનો બચાવ જાહેર કરવા માટે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. આમ આ કામે હાલના આરોપી તેઓની સામેની કાર્યવાહીથી માહિતગાર હોવા છતાં તેઓએ આક્ષેપિત ગુનામાં બચાવ માટે હાજર રહેવાનું પણ પસંદ કરેલ નથી. ત્યારે એ હકીકત નું ભારતીયા પુરાવા અધીનીયમ કલમ ૧૧૪ મુજબ આરોપી વિરુધ્ધ અનુમાન કરી શકાય છે કે, આ કામે તેઓની પાસે આક્ષેપિત ગુનાના કામે માત્ર ઉડાઉ ઈન્કાર કર્યા સિવાય બીજો કોઈ સંભવ બચાવ માટે કોઈ પુરાવો નહી હોય.

(૧૫) આમ, ઉપરોકત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ માટે આવશ્યક તત્વો પુરવાર કરવામાં ફરિયાદી સફળ થતા હોય ત્યારે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ અન્વયે આ કામે હાલના આરોપી ધ્વારા જે ગુનો કબુલ કરવામાં આવેલ ન હોવા મુજબનું નિવેદન આપવામાં આવેલ છે, તેઓ ધ્વારા આ નિવેદનમાં હાલના ગુના માટે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવવામાં આવેલ નથી. આમ, જો આરોપી ધ્વારા તેઓની સામેના આક્ષેપિત ગુનામાં પોતાનો બચાવ કરવા માંગતા હોય તે પુરાવો રજુ કરવાની કે સોગંદકર્તાના પુરાવાને પડકારવા માંગતા હોવાની જવાબદારી આરોપીની બની રહે છે. આ કામે આરોપી ધ્વારા જો પોતાનો બચાવ કરવા માંગતા હોય કે સોગંદનામાથી જે હકીકતો જાહેર કરવામાં આવેલ હોય તેને તપાસવા માંગતા હોય તો તે બાબતે કોઈ અરજી આપી અને તેઓને પુરાવા માટે બોલાવવામાં આવેલ નથી. ત્યારે આ કામે હાલના સાહેદના પુરાવાની આરોપીને કોઈ આવશ્યકતા છે કે કેમ ? અને તેઓ આ સોગંદકર્તાની હકીકતોને ઉલટ તપાસ માટે બોલાવવા માંગે છે કે કેમ ? તે માટેની જોગવાઈ

**ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.**

**<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫(૨)</u>**

(૨) The court may, if it thinks fit, and **<u>shall, on the application of the prosecution or the accused</u>**, summons and examine any person giving evidence on the affidavit as to the facts contained therein.

(૧૬) **આમ, ઉપરોકત આરોપીને હાલના ફરિયાદીની કલમ–૧૪૫(૨) અન્વયે જો તેઓ ફરિયાદી ધ્વારા જે પુરાવો સોગંદનામાથી રજુ કરવામાં આવેલ છે તેની હકીકતો અન્વયે ઉલટ તપાસના માધ્યમથી પડકારવા માંગતા હોય તો તેઓએ સોગંદનામાની ઉલટ તપાસ કરવા માટે અરજી આપી શકે છે. પરંતું આ કામે તેઓ ધ્વારા હાલના ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા હોવા બાબતે કોઈ અરજી આપેલ નથી. આમ, આ કામે હાલના આરોપીએ ફરિયાદીના પુરાવાને બીન પડકારી રહેવા દીધેલ છે. આમ, તેઓનો ઉલટ તપાસ કરવા માટે તેઓની પાસે કોઈ બચાવ ન હોવાનું વિરૂધ્ધનું અનુમાન થઈ શકે તેમ છે.વધુમાં આ બાબતે નામદાર દિલ્લી હાઈકોર્ટએ** Ambica Plastopack Pvt Ltd & Anr vs State & Anr sCRL.M.C. No. 2698 of 2011, Crl. M.A. Nos. 9619 of 2011 & 1468 of 2013)(2013 0 Supreme(Del) 1447) **ના કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ કેસમાં મેજીસ્ટ્રેટ કોર્ટએ જે પ્રક્રિયા અનુસરવાની છે તે લગત દિશા નિર્દેશ આપેલ છે.જે દિશાનિર્દેશ નીચે મુજબ છે.**

*4.4.2 The witnesses i.e. the complainant or other*

*witnesses can be recalled only when* accused makes an application and this application must disclose the reason why accused wants to recall the witnesses and on what point witness is to be cross examined.

4.4.3 When it is within the special knowledge of the accused as to why he is not to face trial under Section 138 N.I. Act, he alone has to take the plea of defence and burden cannot be shifted to complainant. There is no presumption that even if an accused fails to bring out his defence, he is still to be considered innocent.

4.4.4 If an accused has a defence against dishonour of the cheque in question, it is he alone who*knows the defence and responsibility of spelling out this defence to the court and* then proving this defence is on the accused.

4.4.5 The proper procedure to be followed by Magistrate is that soon after summoning, the accused must be asked to disclose his defence and his plea should be recorded.

4.4.6 Where an accused takes no defence and simply says "I am innocent", there is no reason for the Magistrate to recall the complainant or witnesses during summary trial and the evidence already given by the complainant has to be considered sufficient and the trial court can ask the accused to lead his evidence in defence on the plea of innocence as the evidence of the complainant is already there.

*4.5 In a summary trial, a complainant or his witness cannot be recalled in the court* **for cross examination only for the sake of pleasure**

**4.5.1 Once the complainant has brought forward his case by giving his affidavit about the issuance of cheque, dishonour of cheque, issuance of demand notice etc., he can be cross examined** *only if the accused makes an application to the court as to on what point he wants to cross examine the witness(es) and then only the court shall recall the witness by recording reasons there to.*

**5 Conclusion The summary trial procedure to be followed for offences under Section 138 of Negotiable Instrument Act, 1881 would thus be as under:**

**5.1 On the day complaint is presented, if the complaint is accompanied by affidavit of complainant, the concerned Magistrate shall scrutinize the complaint and documents and if commission of offence is made out, take cognizance and direct issuance of summons of accused, against whom case is made out.**

**5.2 If the accused appears, the Magistrate shall ask him to furnish bail bond to ensure his appearance during trial and ask him to take notice under Section 251 Cr.P.C. and enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by an accused under Section 145(2) of N.I. Act for recalling**

a witness for cross examination on plea of defence.

ઉપરોકત ચુકાદામાં આપેલ દિશાનિર્દેશને ધ્યાને લઈએ તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ના કેસ માં જયારે આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થાય ત્યારે તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ મુજબ તેની વિરુધ્ધ નો ગુનો તેને કબુલ છે કે કેમ? તે પુછવાની કોર્ટની ફરજ છે તથા આરોપીને તેની વિરુધ્ધ આક્ષેપીત ગુનો કબુલ ન હોય તો તેને પોતાનો બચાવ કરવા માંગતો હોવાની હકીકત જણાવી પડશે.માત્ર આરોપી ધ્વારા આક્ષેપીત ગુનાના કામે ઉડાવ ઈન્કાર કર્યા સિવાયનો બીજો કોઈ સંભવિત બચાવ માટે કોઈ પુરાવો ન હોવાનું ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૪ મુજબ આરોપીની વિરુધ્ધ અનુમાન થાય.વધુમાં આ કામે આરોપી તરફે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ અન્વયે આ કામે હાલના આરોપી ધ્વારા જે ગુનો કબુલ કરવામાં આવેલ ન હોવા મુજબ નુ નિવેદન આપવામાં આવેલ છે. તેઓ ધ્વારા આ નિવેદનમાં હાલના ગુના માટે પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવવામાં આવેલ નથી.વધુમાં ઉપરોકત ચુકાદામાં આપેલ દિશાનિર્દેશ મુજબ આરોપીએ હાલના ફરિયાદીની કલમ–૧૪૫(૨) અન્વયે જો તેઓ ફરિયાદી ધ્વારા જે પુરાવો સોગંદનામાંથી રજુ કરવામાં આવેલ છે તેની હકીકતો અન્વયે ઉલટ તપાસના માધ્યમથી પડકારવા માંગતા હોય તો તેઓએ સોગંદનામાની ઉલટ તપાસ કરવા માટે અરજી આપી શકે છે પરંતું આ કામે તેઓ ધ્વારા હાલના ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા હોવા બાબતે કોઈ અરજી આપેલ નથી. આમ, આ કામે હાલના આરોપીએ ફરિયાદીના પુરાવાને બીન પડકારી રહેવા દીધેલ છે અને આરોપી ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા ન હોય. આમ, તેઓનો ઉલટ તપાસ કરવા માટે તેઓની પાસે કોઈ બચાવ ન હોવાનું વિરૂધ્ધનું અનુમાન થઈ શકે તેમ છે અને ફરિયાદીની સોગંદપરની સરતપાસમાં જણાવેલ હકીકત સ્વીકારતા હોવાનુ

**અનુમાન થાય છે. જેથી હાલના કામના આરોપી વિરૂધ્ધ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪ અન્વયે અત્રેની અદાલત ધ્વારા વિરૂધ્ધનું અનુમાન કરવામાં આવેલ છે. હાલના આરોપી ધ્વારા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ અન્વયે પોતાનો બચાવ રજુ કરવામાં તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ તથા કલમ ૧૧૮ અન્વયે પોતે વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવવાનું પસંદ કરેલ નથી. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૯ ની જોગવાઈ ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.**

139.1[ Presumption in favour of holder:-**It shall be presumed, unless the contrary is proved**, that the holder of cheque received the cheque of the nature referred to in section 138 for discharge, in whole or in part, or any debt or other liability]

**(૧૭) આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે હકીકત આદેશાત્મક રીતે અનુમાન કરવાની રહે છે કે જો વિરૂધ્ધની કોઈ હકીકત પુરવાર કરવામાં ન આવે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ અન્વયે આપવામાં આવેલ ચેક તે કાયદેસરના દેવા પેટે અથવા તો તેના કોઈ ભાગ અથવા કોઈ જવાબદારી અદા કરવા માટે આપવામાં આવેલ છે. ત્યારે આ કામે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯,૧૪૫(૨)સાથે વંચાણે લેતાં આ કામે જયારે આરોપી ધ્વારા ગુનો કબુલ ન રાખતા આ કામે તેઓએ પોતાનો**

**બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરવામાં આવેલ છે અને કલમ–૧૩૯ અન્વયે ફરિયાદી પક્ષ તરફથી પુરવાર કરવામાં આવેલ હકીકતોમાં વિરૂધ્ધની કોઈ હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીના શીરે રહેતી હોય ત્યારે આ**

**કામે હાલના આરોપી ધ્વારા પોતાના બચાવમાં કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી તેઓ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ પોતાનો બચાવ કરવામાં સંદતર નિષ્ફળ નિવડેલા હોવાનું આ અદાલતનું અતી નમ્રપણે માનવુ છે.**

**(૧૮) આમ, જયારે ઉપરોકત કલમો મુજબ આરોપી ધ્વારા કોઈ વિરૂધ્ધની હકીકતો પુરવાર કરવા માટે હાજર રહેલ નથી, તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ મુજબ તથા ધી નેગોશિએલબ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૫(૨) મુજબ પોતાનો બચાવ રજુ કરેલ નથી કે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની**

**કલમ–૧૩૯ મુજબ ફરિયાદ પક્ષના પુરાવામાં કોઈ વિરૂધ્ધની હકીકત રજુ કરવા માટે પ્રયત્ન કરવામાં આવેલ નથી. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ધ્યાને લેતાં તે નીચે મુજબ છે.**

138. Dishonour of cheque for insufficiency, etc. of fund in the account, Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from the account

by an agreement made with that bank, **such person shall be deemed to have committed an offence** and shall

without prejudice to any other provision of this Act, be

punished with imprisonment for 2[a term which may extend to two year] or with fine which may extend to twice the amount of the cheque, or with both.

(૧૯) ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો આ જોગવાઈ મુજબ such person shall be "deemed to" have committed an offence" મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે જો કોઈ વ્યકિતનો ચેક અપુરતા ભંડોળના કારણસર પરત ફરવામાં આવેલ હોય કે બેંક સાથે ખાતેદારની સમજુતીથી રકમથી વધારે રકમ કરતા વધારે રકમનો હોય અને તે ચેક તે કારણસર પરત ફરવામાં આવેલ હોય ત્યારે આદેશાત્મક રીતે તે વ્યકિત ધ્વારા કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું માની લેવામાં આવશે

(૨૦) જયારે આ કામે હાલના આરોપી ધ્વારા ફરિયાદીને આ કામનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવા સામે કોઈ બચાવ કરવામાં આવેલ નથી. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ તેઓ ધ્વારા હાલનો ચેક કાયદેસરના દેવા પેટે આપેલ હોવાનું અનુમાન ન કરવા માટે કોઈ પર્યાપ્ત કારણ રજુ કરી શકેલ નથી, તેમજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ પણ ફરિયાદીના પુરાવાથી કોઈ વિરૂધ્ધની હકીકત પુરવાર કરવા સારૂ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેલા નથી, તેમજ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૧ અન્વયે તેમજ AIR 2014 SC 2528, Indian Bank Association and others Vs. Union of India and others ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન મુજબ હાલના ગુનાના કામે તેઓ પોતાનો બચાવ કરવા માંગતા

હોવાનું જાહેર કરી, પોતાનો કોઈ બચાવ રજુ કરેલ નથી. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે તેઓએ હાલનો ગુનો કરેલ ન હોવાનું માની શકાય તેમ નથી. ત્યારે ઉપરોકત મુદ્દા નં. ૧ અન્વયે આ કામનો તકરારી ચેક આરોપી ધ્વારા કાયદેસરના દેવા અથવા અન્ય જવાબદારી ભરપાઈ કરવા માટે આપેલ અને તે ચેક **''અપુરતા ભંડોળ''** ના કારણસર પરત ફરેલો અને તે બદલ તેઓને કાયદેસરની નોટીસ બજી ગયેલ હોવા છતાં નિર્ધારીત સમય મર્યાદામાં તેઓ ધ્વારા ચેક રકમ ફરિયાદીને નહી ચુકવી આપી અને ગુનો કરેલ હોવાનુ પુરવાર થતું હોય, અને તેમાં પોતાનો બચાવ રજુ કરવામાં નિષ્ફળ નિવડતા હોય, મુદ્દા નં. ૧ નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

(૨૧) વધુમાં મુદ્દા નં.૧ માં ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિઃશકપણે પુરવાર કરી શકેલ છે, અને Varkey V/S State, (1989 CrLJ 2357) ના ચુકાદામાં નામદાર વડી અદાલત ધ્વારા પ્રસ્થાપીત કરેલ છે કે, મેજીસ્ટ્રેટ ધ્વારા સમન્સ ટ્રાયેબલ કેસમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ સજાનો હુકમ કરતા સમયે સજા અંગે આરોપીને સાંભળવાની જરૂર નથી, અને હાલનો હાથ ઉપરનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસ હોવાથી આરોપીને સજા અંગે સાંભળવામાં આવેલ નથી. આરોપીને તકસીરવાન ઠરાવતાં પહેલા તેઓને સજા માટે સાંભળવા જરૂરી નથી તેમ આ અદાલતનું માનવુ છે. કારણ કે સદર કેસ સમંસ ટ્રાયેબલની રીતે ચલાવવામાં આવેલ છે અને સંમન્સ ટ્રાયેબલ કેસમાં આરોપીને સજા માટે સાંભળવાની કોઈ જોગવાઈ નથી.

વધુમાં આરોપીને કલમ ૧૩૮ ના ગુનામાં પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ

એકટનો લાભ આપવા પાત્ર નથી કારણ કે તેનાથી સમાજમાંવિપરીત અસર ઉત્પન્ન થાય તેમ છે તેમજ હાલના સમયમાં ચેક બાઉન્સના કેસો ઘણા વધી ગયેલ હોય જો આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ નો લાભ આપવામાં આવેતો સમાજમાં આર્થીક ગુન્હાખોરી વધી જાય તેમ છે તેમજ તેના કારણે દેશની અર્થવ્યવસ્થા,વેપાર વ્યવસ્થા તેમજ સામાજીક ઢાંચાચર તેની વિપરીત અસર થાય તેમ છે. વધુમાં નામદાર કોર્ટના ચુકાદા M. V.Nalinakshan v/s M. Rameshan and Anr. Reported in 2009 Cr. L. J. 1703 માં

નામદાર અદાલત ધ્વારા નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

> “Negotiable Instrument Act S.138 – Person convicted of offence u/s 138 it is not expedient to release him on probation u/s. 4(1) of Probation of Offenders Act.

આમ ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા પણ આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ નો લાભ આપવો ન્યાયોચીત જણાતો નથી.

(૨૨) હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવવાનો ચુકાદો અત્રેની અદાલત ધ્વારા જાહેર કરી શકાય કે કેમ ? તે સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **ઈશ્વરભાઈ હીરાભાઈ ચુનારા વિ. સ્ટેટ ઓફ ગુજરાત, સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન(કવોર્સીગ) નં. ૯૧૧૩/૨૦૧૬** હુકમ તારીખ ૨૭/૦૨/૨૦૧૭ ધ્યાને લેવો જરૂરી છે.જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવતો ચુકાદો જાહેર કરી શકાય છે, અને આરોપીને કલમ–૪૧૮(૨) અન્વેયે સજા ભોગવવા માટે બીન જામીન લાયક વોરંટ ફોજદારી કાર્યરીતી સંહિતાની અન્વયે કાઢી શકાય તેમ છે. તેથી

**ઉપરોકત ચુકાદો ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેમ છે તેવુ આ અદાલતનું અતી નમ્રપણે માનવુ છે.**

(૨૩) **આમ, ઉપરોકત ચર્ચાને આધીન આરોપીને તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**// હુ ક મ //**

૧. **આ કામના આરોપી** મહેશભાઈ રાજાભાઈ રબારી,રહે.વડતાલ, રબારીવાસ, સ્વામિનારાયણ મંદિર પાસે તા.નડિયાદ, જી.ખેડા**નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી** ૦૧ **(** એક **)** વર્ષ **ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**

૨. **આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૭ અન્વયે ફરિયાદીને ચેકની રકમ એટલ કે રૂાં.** ૧,૨૫,૦૦૦/- **(અંકે રૂપીયા** એક લાખ પચ્ચીસ હજાર **પુરા) વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર રકમ ફરીયાદીને ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૨ (** બે **) માસની** સાદી કેદની **સજાનો હુકમ કરવામાં આવે છે.**

૩. **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ અન્વયે આ ચુકાદાની પ્રમાણિત નકલ આરોપી ને વિના મૂલ્યે પુરી પાડવી.**

૪. **સદર ચુકાદો જાહેર કર્યો અને આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ તે સમયે આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજ ન હોય ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૪૧૮ અન્વયે તેમને સજા ભોગવવા માટે અત્રેની અદાલત સમક્ષ હાજર**

**રાખવા જરૂરી હોય, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૭૦ અન્વયે આરોપી**

**વિરૂધ્ધ બીન જામીન લાયક વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.**

**સદરહું ચુકાદો આજરોજ તારીખ ૨૭ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

તા.૨૭/૦૯/૨૦૧૮
આણંદ.

(વી. એસ.ગઢવી )
ચોથા એડીશ્નલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
આણંદ.
કોડ નંબર જી.જે.૦૧૦૧૪